સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

થયા છે કાળા, ફેસ-બૂક પર લડાલડી છે!
ને સંગ્રહનમાં નિવેદનોની તડાફડી છે!
પડાપડી છે પદની ભેંસ નથી ભાગોળે છતાં -
ઉડે લીરા આબરૂના શિસ્તઓ ચડાખડી છે!
(કમળ-પાંખડીઓ વેર-વિખેર)

જાય છે ખોટો
આ 'કમલ સંદેશ'
સત્તા ભૂખનો..
(સ્વાર્થી રાજકારણ)

સૂઇશ નહીં
સૂવા દઇશ નહીં
કરો જાગ્રણ..
(પક્ષ-સમાજોમાં ભાગતા)

હાઈકુ

ચિંતન

બહિશ્યતિ કર્ણૌ વિવરં વાચં મૂકયતિ નગ્નયતો રાજન ।

'હે રાજન! હે શેઠ! હે પ્રધાનશ્રી, સંપત્તિ નામનો આ વિચિત્ર યોગ કાનને બહેરા કરી નાખે છે, વાણીને મૂંગી કરી નાખે છે, આંખને આંધળી કરી નાખે છે અને ટટ્ટાર દેહને વિકૃત કરી નાખે છે.'

જો સંપત્તિ અચાનક આવી જાય અને તે પણ પરિશ્રમ વિનાની 'બે નંબરી' હોય તો તેને કારણ સદ્‌ગુણો આવવાના બદલે દુર્ગુણ-દુવૃત્તિ - અને દુષ્કૃત્યોને સાથે લાવે છે.

માણસમાં ઘમંડ આવી જાય છે. કોઇ સાચી અને ન્યાયી વાત તે સાંભળતો જ નથી. કોઇની વિનંતી પ્રાર્થનાં - યાચના તેને સંભળાતી નથી. ટૂંકમાં મદ ને કારણે એ કોઇની વાત સાંભળતો નથી પોતે કહે તે જ 'સત્ય' નિયમ અને કાયદો એવું માનવા લાગે છે.

અભિમાન ને કારણે તેની વાચા પરથી નમ્રતા અને વિવેક પણ દૂર થઇ જાય છે. વાણી-પર ગર્વનો ભાર આવી જાય છે, પોતાના જૂના સાથીદારો સાથે તેને બોલવાનો વહેવાર પણ રાખવાની ઇચ્છા થતી નથી. એટલે ધનનું અભિમાન માનવીને નિખાલસ બનાવવાને બદલે ભારે અભિમાની બનાવી છે.

ધનનું અભિમાન માણસને અંધ બનાવે છે અને સત્ય અને ન્યાય દેખાતા નથી. પોતાના પૈસા દ્વારા અન્યાયી માર્ગે ચાલવા લાગે છે. વ્યસન અને વાસનાની ખાઇમાં પતન થાય છે, આંધળો થઇ જાય છે. સત્ય સમજાતું નથી, દેખાતું નથી.

સુવિચાર

- દુઃખ વિનાનું જીવન એ જ મોટામાં મોટું દુખ છે - સોભાશિયન
- માણસને જો ભાષા મળી ન હોત તો વિચારવાની પ્રક્રિયા સરળ, અને સંપૂર્ણ બની હોત! - કોલરિજ
- માણસ માતૃભાષામાં જ વિચારે, કલ્પાઓ કરી સુંદર અભિવ્યક્તિ કરી શકે છે-એસ. ભટ્ટાચાર્ય
- કાયદો એટલે વારસાગત રોગ - ગેલે
- મજૂરનો પરસેવો સૂકાય એના પહેલાં જ જો એને મજૂરી મળી જાય તો એ પરસેવો તેને વિશેષ ટાટક આપે છે - મહંમદ પયગંબર
- મહાન વ્યક્તિની પ્રથમ પરીક્ષા તેની 'નમ્રતા' છે - રસ્કિન
- ગરીબી, ખાનદાનીને દબાવી નથી શકતી. - કાકા કાલેલકર

બોધકથા

વૈષ્ણવ જન તો તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે! આપણી સ્વાર્થી-મતલબી દુનિયામાં બધી ક્રિયાઓ-વિચારો-નિર્ણયો હંમેશાં પોતાને જ કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થા હોય કે સેવાભાવી સેવક કોઇ પણ 'સેવા કાર્ય' હાથમાં લે ત્યારે સૌ પ્રથમ વિચાર 'અમને શું ફાયદો' એમ જ વિચારે છે. જાતને સાચવી ને સેવાનો કોઇ જ અર્થ નથી. સેવામાં ઘસાવું તો પહેલું પડે!

દાદા ધર્માધિકારીનો આ નાનપણનો પ્રસંગ છે. એમની શેરીમાં બાળકો રમતાં હતાં ત્યારે એક બાળકી દોડતાં પડી ગઇ અને હોઠમાંથી લોહી નિકળવા લાગ્યું. પડોશી, દીકરીની માતા ઢાંફડી-ફાંફડી થઇ ગઇ આંખમાં અશ્રુ સાથે બાળ ધર્માધિકારીને શેરીનાં નાકાં પર રહેતા ડોકટરને બોલાવી લાવવા સૂચના આપી.

ધર્માધિકારી દોડતા દોડતા ડોકટરને ત્યાં ગયા અને ચઢેલા શ્વાસે, આખી વાત, એ પરિચિત ડોકટરને કરી કહ્યું, 'ચાલો! જલ્દી ચાલો લોહી ખૂબ વહે છે.'

ડોકટરે નિરાંતથી જવાબ દીધો. જો, હું હમણાં જ વિઝીટમાંથી આવ્યો છું. ચા તૈયાર થાય છે થોડા ફ્રેશ થઇ, તરત જ આવું છું તું જા!

ધર્માધિકારી ડોકટરના આ જવાબ અને નિરાંતથી ખૂબ ડઘાઇ ગયા! અને અંતરાત્માને પ્રશ્ન પૂછ્યો. જો આ દીકરી ડોકટરની, પોતાની જ પુત્રી હોત તો?!

માનવોને નુકશાન પહોંચાડનારા બુધ્ધિહીન પ્રાણીઓને માનવ હિંસક કે જંગલી ગણે છે અને તેનો નિકાલ કરવા માટે ક્રૂરતા અને જંગલીયત ભર્યાં પગલાં લેતાં જરા પણ ખચકાતો નથી

વન્યસૃષ્ટિ પરિચય
પ્રાણીઓ પ્રત્યેનું વર્તન

- હેમંત સુથાર

આમ તો કુદરતે બધા જ પ્રાણીઓને સરખા માન્યા છે પરંતુ જાણે - અજાણે કુદરતથી ક્યાંક નાની - અમથી ભૂલ થઇ ગઇ કે માનવ પ્રત્યે ખોટો વિશ્વાસ મુકાઇ ગયો અને માનવને અન્ય પ્રાણીઓ કરતાં વધારે બુધ્ધિ અપાઇ ગઇ. આ એક નાની ક્ષતિ માટે હવે તે ભરપૂર પસ્તાઇ રહી હશે.

માનવ વાનરકૂળમાંથી જ ઉદ્‌ભવ્યો છે તેવું કહેવાય છે, ત્યારે વાનર કૂળના તમામ સભ્યો શાકાહારી છે તેમ માનવ પણ શાકાહારી હતો/હશે. તે માંસાહાર કરતો થયો, ખેતી કરતો થયો વગેરે જેવી ઉત્ક્રાંતિની ઘટના ક્રમમાં તે અન્ય પ્રાણીઓ પર આધાર રાખતો થયાની વાતને સમર્થન મળે છે.

માનવ સહિત બધા જ પ્રાણીઓ વન્ય જે જંગલી હતા. તેતી માનવ અને અન્ય પ્રાણીઓ સાથે જ રહેતાં હતા તેવું કહેવાય . આ બધા પ્રાણીઓમાં કૂતરો સહુ પ્રથમ પાલતું પ્રાણી તરીકે માનવ સાથે જોડાયો. માનવને કૂતરાનનો કોઇ સીધો લાભ થતો હોય તેવું જણાતું નથી. કદાચ કૂતરાં શિકારમાં મદદરૂપ બનતાં હશે. માનવ દ્વારા કરવામાં આવતાં શિકારને ખોરાકની વ્યવસ્થામાંથી વધેલો ભાગ કૂતરાને મળતો હશે અને તે લાલચે કૂતરો માનવની સાથે ફરતો થયો હશે.

ત્યારબાદ પાડા - બળદ ખેતી કાર્ય માટે, ગાય, ભેંસ, બકરા દૂધ માટે, ઊંટ, ઘોડા, હાથી, ગધેડા, યાક માલ-સામાનના વહન માટે ઉપયોગમાં લેવાયા. આ બધા પ્રાણીઓ અગાઉ તો જંગલી જ હશે જે માનવે પોતાના ફાયદા માટે પાલતું બનાવ્યા. આ બધાં જ પ્રાણીઓ તૃણાહારી (શાકાહારી) છે તેથી તેને પાલતું બનાવવા સરળ હતાં. કોઇ માંસાહારી પ્રાણી માનવ દ્વારા પાલતું બનાવાયા હોય તેવું ઘણું ઓછું જોવા મળ્યું છે. તેજ રીતે પક્ષીઓમાં મરઘી સિવાય અન્ય કોઇ પક્ષી માનવ સાથે જોડાયું નથી.

જંગલી અવસ્થામાંથી આ બધા પ્રાણીઓ પાલતું અવસ્થામાં આવ્યા ત્યારથી તેમણે અક્ષય,ખોરાક, પાણી વગેરેની પળો જણમાં પડવાનું રહ્યું નહિ. પ્રાકૃતિક અવસ્થામાં તેમને જે સંઘર્ષ અને હરિફાઇનો સામનો કરવો પડતો હતો તે દૂર થયો. નવાઇની વાત એ છે કે, આજે આપણે જે પ્રાણીઓને પાલતું અવસ્થામાં જોઇએ છીએ તેના જંગલી વંશજો જોવા મળતાં નથી. કેટલાકની જંગલી જાતિઓ જોવાય છે પણ તેમનામાં અને પાલતું જાતિઓમાં મોટો ફરક જણાઇ આવે છે.

પ્રાણીઓ પોતાનો ભાવ પ્રદર્શિત કરી શકતાં નથી તેવુ ંલાગે છે. ગાય, ભેંસ, બકરા જેવા પ્રાણીઓનું દૂધ માનવો દોહી લે છે તે તેવા પ્રાણીઓને ગમે છે કે નહિ? તે સમજી શકાતું નથી. આવા પ્રાણીઓનુ ં દૂધ કૂદરતી રીતે તેમના બચ્ચાંઓ માટે જ હોય છે. આપણે માતાનું દૂધ નવજાત શિશુને પીવડાવવું કેટલું મહત્ત્વનું છે તેનો પ્રચાર-પ્રસાર મોટા પાયે કરીએ છીએ. ત્યારે પાલતું પ્રાણીઓનું તેમના બચ્ચાઓનું દૂધ આપણે પી જઇએ તે કેટલું વ્યાજબી છે?

મરઘીઓ ખરેખર કોના માટે ઇંડા મૂકે છે? કૂદરતી ક્રમ મુજબ પોતાનો વંશ આગળ વધારવા માટે. આપણે માનવો મરઘીનાં ઇંડાને લઇને ખાઇ જઇએ તો મરઘીને દુઃખ થાય છે કે નહિ? તેની લાગણીને ઠેસ પહોંચે છે કે નહિ? તે આપણને ખબર નથી.

પોષણ કડીની જાળવણી માટે ભક્ષ્ય અને ભક્ષકનો ક્રમ જળવાઇ રહેવો જરૂરી છે. તેથી ભક્ષક ક્રમ જળવાઇ રહેવો જરૂરી છે તેથી બક્ષક બનનાર પ્રાણીના સ્વજનોમાં દુઃખની લાગણી હોય તો શું થાય તેની કલ્પના ન થઇ શકે?

પાલતું અને વન્ય પ્રાણીઓના હીતોની જાળવણી માટે આપણે માનવોએ વિવિધ ઘણાં બધાં કાયદાઓ ઘડ્યા છે. મોટા ભાગના કાયદાઓથી ઘણા લોકો અજાણ છે. પ્રાણીઓ તો બિચારા સમજી શકે તેવી તેમની સ્થિતિ જ નથી. પ્રાણીઓનો ઉપયોગ આપણે આપણા ફાયદા માટે જ કરીએ છીએ એટલે પ્રાણીઓ ના હીતને નુકશાનકર્તા નિર્ણયો, દરમિયાન માનવહીત કેન્દ્રમાં અને નિર્ણાયક બને છે.

માનવોને ઉપયોગી બને છે તેવા પાલતું પ્રાણીઓને માનવનું રક્ષણ મળી ગયું. આવા જીવો માનવ મરજી પ્રમાણે ઉછરે છે, વૃધ્ધિ પામે છે. તેથી તેમની વસ્તી વધ્યા કરે છે. જે પ્રાણીઓ માવવો માટેની ઉપયોગીતા ઘઇ ગઇ તેવા પાલતું પ્રાણીઓની વસ્તી હવે સતત ઘટી રહી છે. વન્યજીવોના રહેઠાણો ઘટતાં ગયા તેમ તેમ તેમનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાતું ગયું છે.

કેટલાક સંવેદનશીલ વ્યક્તિઓએ ધર્મના માધ્યમથી પ્રાણીઓ પ્રત્યે દયા, કરૂણા અને લાગણીથી વર્તવાના સંદેશા - ઉપદેશો આપ્યા. ઘણાં સમજદાર લોકો પોતાની રીતે તેનો અમલ-પાલન કરે છે. પરંતુ તેનં પ્રમાણ ઘણું ઓછું છે. માનવોને નુકશાન પહોંચાડનારા બુધ્ધિહીન પ્રાણીઓને માનવ હિંસક કે જંગલી ગણે છે અને તેનો નિકાલ કરવા માટે ક્રૂરતા અને જંગલીયત ભર્યાં પગલાં લેતાં જરા પણ ખચકાતો નથી.

પ્રાણી ક્રૂરતા અધિનિયમ-૧૬૦, પ્રકરણ-૩, કલમ-૧૧ કોઇ પ્રાણીને માર મારવો, લાત મારવી, અતિશય સવારી કરવી કે હાંકવું કે ભાર લાદવો, તેને રીબાવવું કે નુકશાન કારક દવા કે પદાર્થ આપવો, બંધનાવસ્થા દરમિયાન પુરતી જગ્યા ન આપવી, ખોટી રીતે વધુ સમય માટે બાંધી રાખવા, પુરતો ખોરાક, પાણી તથા આશ્રય સ્થાન ન આપવા જેવા કૃત્યોને ગુનાહીત ગણવામાં આવ્યાં છે.

આ પ્રકારના પ્રથમ ગુના માટે ૫૦/- રૂપિયા અને આગલા ગુનાથી ત્રણ વર્ષમાં ફરી ગુનો કરે તો ત્યાર પછીના ગુના માટે ૧૦૦/- રૂપિયા સુધીને કે ૩ માસની કેદનો કે બન્ને શિક્ષા માટે પાત્ર ઠરે છે. ફક્ત ૫૦/- નો દંડ ભરીને પ્રાણી પ્રત્યે ક્રૂરતા આચરી શકાય છે. પ્રાણી પ્રત્યેની દયાનું આ આપણું પ્રમાણ છે.

કુદરતી કે વન વિસ્તારોમાં હસ્તક્ષેપ કરીને આપણે અસંખ્ય જીવો માટે જીવલેણ બને તેવા કૃત્યો કરીએ છીએ. સેંકડો પક્ષીઓ અને કીટકો વાસ કરતાં હોય તેવા એકાદ વૃક્ષને કાપવું પણ મોટો ગુનો ગણી શકાય તેમ હોવા છતાં હજારો વૃક્ષો કાપવાનો નિર્ણય સરળતાથી કે વિકલ્પો વિચારા વગર લેવાઇ જાય છે. ત્યારે બુધ્ધિશાળી માનવ પ્રત્યે ઘૃણા અને શંકા ઉપજે છે.

- hmtsuthar@gmail.com

જમાઈએ અગાઉ સચિવાલયમાં ઘણા ધક્કા ખાધા હતા પણ કામ પત્યું ન હતું એટલે સસરાની ઓળખાણનો પ્રયોગ કરવાનો વિચાર કર્યો, સસરાને... ખાતાના પ્રધાન સાથે ઓળખાણ છે તે વાત તો તે જાણતા હતા તેથી પ્રધાનશ્રી પાસે નિરાંતે વાત કરવા ભાઈના બંગલે સસરા સાથે પહોંચી ગયા

બે લઘુકથા
- અનંત ન. વ્યાસ

તીર્થે - મૂંડાણા

છેનાકાકા પોતાના જમાઈને લઈ ભાઈના બંગલે આવ્યા. ...ભાઈ ખાતાના પ્રધાન છે. છેનાકાકાના જમાઈનું પ્રમોશન સરકારી ફાઈલોમાં અટવાઈ ગયું છે. 'ડ્યુ' છે પણ હુકમ નીકળતો નથી. છેનાકાકાને ખબર પડી એટલે તેણે જમાઈને ઠપકો આપ્યો. શું ભલા માણસ બે પગ લઈ અહીં સુધી આવી ન જવાય. તમને તો ખબર છે આપણને ભાઈને ઘર જેવો સંબંધ છે. આ બાજુ આવે ત્યારે ઉતારો આપણે ત્યાં જ હોય. જરા વાત કરી દઈએ કે તુરંત નિકાલ અને તમારો કેસ તો સાચો છે. પછી શું ? હાલો, હું તમારી સાથે આવું રૂબરૂ વાત કરી ઓર્ડર લેતા આવીએ.

જમાઈએ અગાઉ સચિવાલયમાં ઘણા ધક્કા ખાધા હતા પણ કામ પત્યું ન હતું એટલે સસરાની ઓળખાણનો પ્રયોગ કરવાનો વિચાર કર્યો. સસરાને...ખાતાના પ્રધાન સાથે ઓળખાણ છે તે વાત તો તે જાણતા હતા તેથી પ્રધાનશ્રી પાસે નિરાંતે વાત કરવા ભાઈના બંગલે સસરા સાથે પહોંચી ગયા.

છેનાકાકાને જોઈ ભાઈનું મોઢું બગડી ગયું પણ પોતાના ગામનાને પાછા ટેકેદાર. એટલે હસતે મોઢે આવકાર્યા 'એ આવો કાકા... આજ તો કંઈ ભૂલા પડ્યા.'

'કામ વિના થોડું આવાય છે.' કાકાએ સ્પષ્ટતા કરી આ મારા જમાઈ છે. તેનું પ્રમોશન ડ્યુ છે. પણ ઓર્ડર નથી નીકળતો મને થયું ચાલો. ભાઈના કાને વાત નાખું આ તો ઘરનો જ પ્રશ્ન ગણાય અને ખોટું તો કંઈ કરવાનું નથી. મેં તો જમાઈરાજને કહી દીધું 'તમારું કામ ન થાય તેમ કંઈ બને?'

ભાઈ જરા મુંઝાયા તેને તાજેતરમાં મુખ્યમંત્રીનો આદેશ યાદ આવ્યો. ચૂંટણી ફંડ માટે સૌએ પ્રયત્ન કરવાનો છે અને પ્રમોશન દીઠ લેવાની રકમ પણ નક્કી થઈ ગઈ હતી. હવે આ વાત કાકાને તો કહેવાય નહિ.એટલે એક ખંધા રાજકારણી જેમ કહું.

કાકા, ચા - નાસ્તો પતાવો - પછી આપણી ઓફિસે આવો. એ ખાતાના પ્રધાનને ત્યાંથી જ ફોન કરી દઈશું. ''એટલે તમારું કામ પુરું'' ને ભાઈ સચિવાલય જવા ઉપડી ગયા. થોડા સમયમાં તો છેનાકાકા પણ જમાઈ સાથે આવી ગયા... ભાઈનું કામ પાકું, કહે, લ્યો આ ચીઠ્ઠી વાંચી જાવ વધારે કહો તો તેમ લખું. છેનાકાકાએ વાંચ્યું. 'આવનાર છેનાકાકા મારા પરમ સ્નેહી છે.' તેમનું કામ એ મારું કામ માનજો. તાજેતરમાં મળેલા આદેશ તથા નિયમો ભંગ થયા તે જોજો. નિયમ પ્રમાણે બધું બરાબર હોય તો કામ તુરંત કરવાનું છે. મારા સ્નેહી છે તે માટે લખવું પડ્યું છે. છેલ્લા વાક્ય નીચે લાલ અંડરલાઈન કરી હતી. કાકા વાંચીને ખુશ ભાઈએ પટાવાળાને સાથે મોકલ્યો.

ખાતાના પ્રધાને ચિઠ્ઠી વાંચી- આદરથી બેસાડ્યાને સેક્રેટરીને બોલાવ્યા કહે, લો આ ચિઠ્ઠી બરાબર વાંચી જાવ... ભાઈની છે. જરા આમની પાસે સ્પષ્ટતા સમજી લેજો. અને બધું બરાબર હોય તો હાથોહાથ ઓર્ડર આપી દો. જુઓ બીજો ધક્કો ન ખવરાવશો...પછી કાકાને કહ્યું કે, કાકા તમો અહીં આરામથી બેસો. ત્યાં ઓફિસના વાતાવરણમાં તમારો જીવ ગુંગળાશે. સેક્રેટરી જમાઈને પોતાની ચેમ્બરમાં લઈ ગયા પછી કહે, જુઓ મીસ્ટર આ તમો મિનીસ્ટરનું દબાણ તો લાવ્યા પણ તમારા ઓર્ડર પર સહી કરવાના પાંચ હજાર આપવાના છે, તે લાવ્યા છો?

જમાઈરાજ ચમક્યા... પણ ભાઈએ તો... સેક્રેટરી હસીને કહ્યું કે, ભલા માણસ, આ તો સરકારી પધ્ધતિ ગણાય. તમે પોતે ક્યાં નથી જાણતાં... એ એમને લખે... અમે તેઓને લખીએ... પણ આ લખાણ બરાબર વાંચો. અને સમજો... પૈસા વિના કશું ન બને. આ તો ભાઈની ચિઠ્ઠી છે. તે પાંચ... જમાઈએ સમજી જઈ સોદો સ્વીકારી લીધો. માત્ર તેનું મન ડંખતું હતું. અરે પેલો જુનિયર ક્લાર્ક માત્ર બે હજારમાં કામ પતાવી દેવા તૈયાર હતો... પણ સસરાની ઓળખાણ... કહેવત છે ને ભાઈ તીર્થ જઈ મુંડાણા.. તે આનુ નામ.

પ્રવેશ - નિષેધ

ચાલ ભાઈ શ્વાન - આપણે સાથે જ આ સત્તા સ્થાન ભવનમાં પ્રવેશીએ. ધર્મે પગ ઉપાડતાં કહ્યું.

'થોભો... મહારાજ' ચપરાશીનો વિનંતી ભર્યો અવાજ આવ્યો.

શું આજના યુગમાં પણ શ્વાન-પ્રવેશ નિષિધ્ધ છે? ધર્મે જરા વ્યંગ્યમાં પ્રશ્ન કર્યો.

નહીં મહારાજ... પણ આપ મારી વાત જરા સાંભળો...

'તમારી વાત? તમારે વળી, શી વાત કરવાની હોય?' રાષ્ટ્રના બંધારણમાં શ્વાન- પ્રવેશ અંગે સ્પષ્ટતા નથી. એટલું જ ને...કે પછી તમારા અધિકારીનો એવો હુકમ છે...' ધર્મ જરા ઉગ્ર થયા.

એમ નહીં...પ્રભુ પણ...' ચપરાશીનો અવાજ જરા ખચકાયો...' પાછું પણ? આ દ્વારે પહોંચનાર સૌ તેમાં પ્રવેશ માટે સમાન અધિકાર ધરાવે છે. સમજ્યાં... આ શ્વાન પણ તેના સમાજનો પ્રતિનિધિ છે... તેને લીધા સિવાય તો મારાથી પણ ભવનમાં ડગલું ન મુકાય..

આપ - મારી વાત સાંભળો કે પછી ચપરાશી હવે અકળાયો.. જો આ શ્વાનને પ્રવેશ નહિ આપવામાં આવે તો ધર્મે એકદમ ગુસ્સે થઈ બુમ પાડી ઉઠ્યા.

ચપરાશી જરા આગળ આવી કહું... પ્રભુ આ ભુવનમાં શ્વાન કે ગર્દભ - કોઈના પ્રવેશ પર પ્રતિબંધ નથી. પરંતુ આપનો પ્રવેશન તદ્દન નિષિધ્ધ છે.'

અને ચપરાશીએ શ્વાનને અંદર લઈ ભવનના દ્વાર ધડાકાભેર બંધ કરી દીધા.

ધર્મ હજી મોઢું વકાસી જોઈ રહ્યા છે.

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૩જી જૂન

- રાજદ્વારી, ઇતિહાસકારોમાં આગળ પડતું નામ ધરાવનાર કાવાલમ - માધવ - પાણીકરનો જન્મ ૩-૬-૧૮૯૫.

હિન્દુસ્તાન ટાઇમ્સના તંત્રી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના અધ્યાપકની રાજદ્વારી સેવાઓ દેશવિદેશમાં પ્રસંશનીય બની હતી. તા. ૧૧-૧૨-૧૯૬૩માં તેમનું અવસાન થયું.

- ૧૯૫૯માં સિંગાપુર અલગ સ્વતંત્ર રાજય બન્યું.
- ૧૯૩૬ ની ૩જી જૂન ભારત સરકારે 'ઓલ ઇન્ડિયા રેડિયો' ની સ્થાપના કરી.
- રેલ્વે ઉદ્યોગના પિતા લી. દ. ફોરેસ્ટનું અવસાન - ૧૯૬૧.
- પુરાતત્વાચાર્ય, ગુજરાતી સાહિત્યના પ્રકાંડ પંડિત જિનવિજયજીનું અવસાન - ૧૮૮૮.

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦, ૧૯૬૧, નવો સુધારો (ગુજરાત) ની સમજૂતી

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ મુજબ કોઇ પણ વ્યક્તિ જાહેર, સખાવત, ચેરીટી સેવા માટે, સાર્વજનિક હેતુ માટે જન સમુદાયને ઉપયોગી થાય તેવા હેતુ અને ઉદ્દેશ માટે જેવા કે, શૈક્ષણિક, સખાવતી, ધાર્મિક, પાંજળાપોળ, વૃધ્ધો, મેડિક્લને લગતી સેવા માટે ત્રણ - પાંચ અગર અગિયાર વ્યક્તિને લઇને તેના હેતુઓ, ઉદ્દેશો સાથે ચેરીટી કમિશનરની કચેરીમાં સાર્વજનિક ટ્રસ્ટ એક્ટની ૧૯૫૦ ની જોગવાઇઓ આધિન પબ્લિક ટ્રસ્ટનો નોંધણી કરાવી શકે છે.

ટ્રસ્ટની મિલકતનું વર્ણન આવકનું સાધન, નિભાવની જવાબદારી, હેતુઓ, ઉદ્દેશો ના વિગતવાર વર્ણન સાથે વહીવટ કરતા વ્યક્તિના નામ સરનામા, સોગંધનામા રજૂ કરી ટ્રસ્ટની નોંધણી કરવામાં આવે છે. જેમાં રાજય સરકારને અહિત ના થાય તેમજ ગુનાહિત પ્રવૃત્તિને પ્રોત્સાહન ના મળે તેમજ કાયદાકીય પ્રતિબંધિત કાર્યો ના કરે તેવી બાહેધરી આપી ટ્રસ્ટ મંડળની નોંધણી સમાજના બહુહેતુક જનકલ્યાણ માટે કરવામાં આવે છે.

ટ્રસ્ટને લગતાં કાયદાનો કરવા, તેનો વહીવટ કરવા, ફેરફાર કરવા વિગેરે સભાઓ, મદદનીશ ચેરીટી કમિશ્નર દરેક જિલ્લામાં સરકાર તરફથી નિયુક્ત કરવામાં આવેલ છે. જેમાં ટ્રસ્ટના લગતાં કામકાજ, ફેરફાર-મિલકત લગન દાવાઓ, ટ્રસ્ટીની ફેરબદલીના નિર્ણયો રાજય સરકારના વહીવટી અધિકારોને લક્ષ્યમાં રાખી નિર્ણય કરવામાં આવે છે.

મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રીના હુકમની સાથે ચેરીટી કમિશ્નરશ્રી સમશ્ર અપીલ, રીવીઝન કરી હુકમને પકડારી શકાય છે. મિલકતને લગતા પ્રશ્નો માટે સીવીલ કોર્ટની જોગવાઇઓ આધિન આખરી નિર્ણય લેવામાં આવે છે.

કોઇ એક ધ્યેયના ઉત્તેજન માટે ફેલાવા માટે ટ્રસ્ટ એક્ટમાં પ્રતિબંધ ઠરાવવામાં આવ્યો છે. કોમ, સંપ્રદાય, ધર્મને લગતાં ટ્રસ્ટ સર્વજન (લોક સમુદાયનાં) હિતમાં જ કાર્ય કરી શકે છે.

ચેરીટી કમિશ્નરશ્રીએ આપેલા દાખલા મુજબ નોંધાયેલા ટ્રસ્ટ, મંડળની આવક જાવકના હિસાબો કાયદેસર રીતે ઓડીટ કરવામાં આવે છે. તેમજ તે હિસાબો માહિતી અધિકાર આવે છે. તેમજ તે હિસાબો માહિતી અધિકારના નિયમ ૨૦૦૫, મુજબ જાહેર દસ્તાવેજો પુરા પાડવામાં કોઇ ટ્રસ્ટ, મંડળ ઇન્કાર કરી શકે નહીં ટ્રસ્ટ એક્ટ મુજબ મેળવેલ દાન, ભેટ, સખાવત કલમ ૮૦ જી મુજબ કરમુક્ત પણ કરાવી શકાય છે. કલમ ૧૧/૧૨ હેઠળ જે આવક ઉપર મુક્તી મળેલ નથી તેવી આવક ઉપર વેરા નાખવામાં આવે છે.

ટ્રસ્ટની રચનાથી ગુજરાતમાં કેટલીય શૈક્ષણિક સંસ્થાઓ ચાલે છે. જેનાથી કેટલાય ગરીબ બાળકોને મફત શિક્ષણ અપાય છે. મોટા મોટા ટ્રસ્ટ દ્વારા ચાલતી મેડિકલની પ્રવૃત્તિથી કેટલાય ગરીબી લોકોના જીવ, બચે છે. ગરીબ લોકોને મેડિકલ સારવારથી જીવન દાન મળ્યું છે.

હાલમાં કેટલાય ધાર્મિક સંપ્રદાયની મિલકતો લાખો-કરોડોમાં અંકાય છે. ત્યારે મિલ્કતને લગતાં પ્રશ્નો ઉભા થાય છે. ત્યારે દાન કરનારા વ્યક્તિને ચોક્કસ શંકા ઊભી કરે છે. પરંતુ સરવાળે પ્રજાનો પૈસો પ્રજાના કામે જ વપરાય છે તેનો સંતોષ લેવો રહ્યો.

આકાશવાણી
ભારત સરકારે 'ઓલ ઇન્ડિયા રેડિયો' ની સ્થાપના કરી.